


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓગસ્ટ ૩૧, ૨૦૨૧ ● શ્રાવણ વદ ૯, સંવત ૨૦૭૭



Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



Shri Vijay Rupani
Hon'ble Chief Minister
Gujarat State



Shri Nitin Patel
Hon'ble Deputy Chief Minister, Gujarat State



Shri Pradipsinh Jadeja
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri Vikramsinh Jadav
Director
GSNRGF

**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## ગુજરાતમાં ગેસ-એનર્જી અને સ્ટીલ ક્ષેત્રે શ્રી લક્ષ્મી મિત્તલ એક લાખ કરોડનું રોકાણ કરશે.

ગુજરાતમાં રોકાણ કરવા માટે ઉદ્યોગપતિઓ ઉત્સુક છે ત્યારે ગુજરાતમાં હજીરા પ્લાન્ટ ધરાવતા આર્સેલર મિત્તલ ગ્રુપના ચેરમેન લક્ષ્મી મિત્તલ અને સીઇઓ દિલીપ ઉમાને ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાતમાં તેમણે સુરતના હજીરા પ્લાન્ટ નજીક તેમના યુનિટના એકસપાન્સન માટે ૫૦ હજાર કરોડનું વધારાનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ ઉપરાંત તેમણે મુખ્યમંત્રીશ્રી સાથેની મુલાકાતમાં એમ પણ કહ્યું કે આવનારા દિવસોમાં સોલાર એનર્જી, વિન્ડ એનર્જી અને હાઇડ્રોજન ગેસ ઉત્પાદન ક્ષેત્રે પણ ૫૦ હજાર કરોડનું રોકાણ તેમનું ગ્રુપ કરવાની નેમ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અંગે સકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્ય સરકાર દ્વારા જરૂરી મદદની ખાતરી આપી હતી અને આ રોકાણ માટે તેમને આવકાર્યા હતા. શ્રી લક્ષ્મી મિત્તલે કોરોના કાળમાં પણ



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે વિકાસ ગતિ અટકવા દીધી નથી અને ઉદ્યોગોને સાથે રાખીને કોરોનાના કપરા કાળમાં પણ જે કામગીરી કરી છે તેને બિરદાવી હતી.

(Source : https://cmogujarat.gov.in)

## ગુજરાતની દીકરી ભાવિના પટેલે પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો



ટોક્યોમાં યોજાઈ રહેલા પેરાલિમ્પિકમાં ગુજરાતની ભાવિના પટેલે ટેબલ ટેનિસમાં સિલ્વર મેડલ મેળવી પેરાલિમ્પિક-૨૦૨૧માં ભારતને પ્રથમ મેડલ અપાવ્યો છે. ભાવિના પટેલની આ સિદ્ધિ પર દેશ આખો ગર્વ લઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દેશને ગૌરવ અપાવનારી ગુજરાતના મહેસાણા જિલ્લાની દીકરી ભાવિના પટેલને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ ગુજરાત અને ભારતને વિશ્વ સ્તરે પોતાના ખેલ કૌશલ્યથી ગૌરવ અપાવનારી આ દીકરી ભાવિના પટેલને રાજ્ય સરકારની દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર યોજના અંતર્ગત પ્રોત્સાહન રૂપે ત્રણ કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની પણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની દીકરીઓને ભાવિના પટેલમાંથી પ્રેરણા મેળવી રમત-ગમત ક્ષેત્રે આગળ વધવાનો સંદેશ પણ પાઠવ્યો છે. તેમણે રમત-ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડી ગુજરાત અને દેશનું વિશ્વકક્ષાએ પ્રતિનિધિત્વ પ્રતિભાવંત ખેલાડીઓ કરી શકે તે માટે અનેકવિધ યોજનાઓથી સહાયરૂપ થવા રાજ્ય સરકાર સદાય તત્પર હોવાનું જણાવ્યું હતું.

(Source :www.divyabhaskar.co.in)



# રાજપીપળાના વિહાર મોદી ઇન્ટરનેશનલ બિઝનેસ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયાથી નોમિનેટ થયા



વિહાર મોદીએ વિદેશી ધરતી પર પોતાનો વ્યવસાય જમાવી ઇન્ટરનેશનલ બિઝનેસ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયા તરફથી નોમિનેટ થઈ દેશનું ગૌરવ વધાર્યું છે. વિહાર મોદીએ રાજપીપળાથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઓસ્ટ્રેલિયા જઇ એડિથ કોવાન યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું. એન્જિનિયરિંગની નોકરી સાથે સબવેમાં પાર્ટ ટાઇમ કામ કરવાની શરૂઆત કરી. પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે તેમણે ૨૦૧૬માં એન્જિનિયરિંગની નોકરી છોડી. ૨૦૧૭માં તેમણે પર્થમાં પોતાનો પહેલો સ્ટોર ખોલ્યો. ૨૦૨૦માં તેમણે વધુ બે સ્ટોર ખોલ્યા અને તેમનું ટર્નઓવર એક વર્ષમાં ૩૦૦% વધુ થઈ ગયું. તેઓ માને છે કે ટર્નઓવરમાં જબરદસ્ત વૃદ્ધિને કારણે 10M હેઠળના નાના બિઝનેસ એવોર્ડ માટે મજબૂત ઉમેદવારો પૈકી તેઓ એક છે. (Source : www.divyabhaskar.co.in)

# ઈન્ડો અમેરિકન કલચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકા દ્વારા આઝાદી પર્વની ઉજવણી




ભારતની આઝાદીના અમૃત પર્વની અમેરિકામાં રહેતા ભારતીયો દ્વારા ઉલ્લાસભેર ઉજવણી થઇ હતી. ઈન્ડો અમેરિકન કલચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકા તથા લેબોન હોસ્પિટાલિટી ગ્રુપના સહયોગથી દક્ષિણ કેલિફોર્નિયાના ભારતીય સમુદાય દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં આર્સેટિયા સિટીના મેયર, પૂર્વ મેયર્સ તથા કાઉન્સિલના સભ્યો હાજર રહ્યા હતા. આ મહોત્સવનો પ્રારંભ ભારત - અમેરિકાના રાષ્ટ્રગીતથી થયો હતો. ત્યારબાદ ગુજરાતના ગરબા સહિત ભારતના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ રજુ કરતા કાર્યક્રમો થયા હતા. (Source : www.akilanews.com)

# નવા ગુજરાતી લુહાર સમાજ દ્વારા ધર્મશાળાનું ભૂમિપૂજન



મધ્યપ્રદેશના મંદસૌર ખાતે ચંદ્રપુરામાં પશુપતિનાથ રોડ પર સમાજની ધર્મશાળાના નિર્માણ માટે નવા ગુજરાતી લુહાર સમાજે ભૂમિપૂજન કર્યું હતું. વિદ્વાન પંડિતોએ મંત્રોના જાપ સાથે અભિજિત મુહૂર્તમાં ભૂમિ પૂજન કર્યું હતું. આ પ્રસંગે સમાજસેવક ભેરુલાલ લુહાર અને ભાગીરથ લુહાર સાથે સમાજના રાષ્ટ્રીય પ્રમુખ શિવલાલ લુહાર, બાંધકામ સમિતિના પ્રમુખ ઓમપ્રકાશ લુહાર, ઉપપ્રમુખ સુરેન્દ્ર ચૌહાણ, મંદસૌર જિલ્લા પ્રમુખ મોહનલાલ લુહાર, પન્નાલાલ લુહાર, બલરામ લુહાર અને શ્યામલાલ લુહારે કોદાળી ચલાવી કાર્યના શ્રીગણેશ કર્યા હતા. (Source : www.naidunia.com)

# અમેરિકા મહાત્મા ગાંધીને સર્વોચ્ચ સન્માન આપશે



અમેરિકામાં મહાત્મા ગાંધીને ત્યાંનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત કરવાના પ્રયાસો ફરી સક્રિય થયા છે. અમેરિકાના એક સાંસદે ગાંધીજીને મરણોપરાંત પ્રતિષ્ઠિત કોંગ્રેશનલ ગોલ્ડ મેડલથી સન્માનિત કરવા અંગેની દરખાસ્ત અમેરિકી પ્રતિનિધિ સભામાં ફરી રજૂ કરી હતી. કોંગ્રેશનલ ગોલ્ડ મેડલ અમેરિકામાં સર્વોચ્ચ નાગરિક સન્માન છે. કોંગ્રેસ સભ્ય કેરોલિન મેલોનીએ આ દરખાસ્ત રજૂ કરતા કહ્યું કે વિરોધ દર્શાવવા મહાત્મા ગાંધીનો અહિંસક અને ઐતિહાસિક સત્યાગ્રહ રાષ્ટ્ર અને વિશ્વને પ્રેરિત કરે છે. તેમનું ઉદાહરણ આપણને બીજાની સેવામાં સમર્પિત થવા પ્રોત્સાહિત કરે છે. (Source : www.gujarat-samachar.com)

# વર્જિનીયાના હોટલ માલિક વિનય પટેલ AAHOA બોર્ડના ચેર બન્યા



એશિયન અમેરિકન હોટલ ઓનર્સ એસોસિએશન (AAHOA) દ્વારા ગઈ ૭ ઓગસ્ટે વર્જિનીયાના ભારતીય અમેરિકન હોટલ માલિક વિનય પટેલને AAHOAના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના નવા ચેર પસંદ કરાયા હતા. ૨૦૨૧ AAHOA કન્વેન્શન અને ટ્રેડ શોના સમાપન વખતે તેઓ ચેર નીમાયા હતા. વિનય પટેલ વર્જીનીયા રેસ્ટોરન્ટ, લોજીંગ એન્ડ ટ્રાવેલ એસોસિએશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ છે અને હર્નડન હોસ્પિટાલિટી એસોસિએશનના પ્રેસિડેન્ટ છે. (Source : www.gujarat-samachar.com)

# સુરતની મૈત્રી પટેલ ભારતની સૌથી નાની વયની પાયલોટ, ટ્રેનિંગ પૂરી થતાં USએ લાઇસન્સ ઇસ્યુ કર્યું



ઓલપાડના શેરડી ગામની મૂળ વતની અને ખેડૂત પરિવારની ૧૯ વર્ષીય મૈત્રી પટેલ ભારતની સૌથી નાની વયની પાયલોટ બની છે. સુરતમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરી તે પાયલોટની ટ્રેનિંગ માટે અમેરિકા ગઈ હતી. અમેરિકામાં નિયત સમય કરતાં ટૂંકાગાળામાં એટલે કે ૧૧ મહિનામાં ટ્રેનિંગ પૂરી કરી કમર્શિયલ વિમાન ચલાવવાનું લાઇસન્સ મેળવી નવી સિદ્ધિ હાંસલ કરી છે. મૈત્રીના પિતા કાંતિલાલ પટેલ ખેડૂત છે. નાની ઉંમરે પાયલોટનું લાઇસન્સ મેળવ્યા બાદ હવે મૈત્રી નાની વયે કેપ્ટન બનવા માંગે છે. (Source : https://sandesh.com)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન




અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઇ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





# રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ ભવનના હયાત મકાનના વિસ્તરણ માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર



ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

બિન-નિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાતીઓ પ્રત્યે ઉદાર ભાવના દર્શાવતા કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દેશ/વિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ ભવનના હયાત મકાનના વિસ્તરણ માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.



મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું હતુ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યા છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ.૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના નિર્માણ અને મરામત માટે આપવામાં આવતી આર્થિક સહાયમાં વધારો કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં આસામના ગૌહાટી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

# સોમનાથ ખાતે ઉમેરાયેલા વિવિધ આકર્ષણો

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ૨૦મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સોમનાથના મંદિરની સાંનિધ્યમાં અહિલ્યાબાઈ મંદિર (જૂનું સોમનાથ મંદિર)ના વિકાસકામના ખાતમુહૂર્ત, સોમનાથ પ્રદર્શન ગેલરી અને વોક-વેનું લોકાર્પણ તેમજ પાર્વતી મંદિરનું ભૂમિપૂજન ડિજીટલી ઉપસ્થિત રહીને કર્યું હતું. આ તકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સમુદ્ર દર્શન વોક-વે, અહિલ્યાબાઇ જૂનું સોમનાથ મંદિર, સોમનાથ પ્રદર્શન ગેલરીને કારણે જૂના સોમનાથના આકર્ષક સ્વરૂપનાં દર્શન કરી શકાશે, નવા અવસર અને નવા રોજગાર વધશે તથા સ્થાનની દિવ્યતા વધશે.

### સમુદ્ર દર્શન પથ

સોમનાથ મંદિરની સમિપે દરિયાકિનારે ૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા દોઢ કિમી લાંબો વોક-વે સોમનાથના સાગર દર્શન ગેસ્ટહાઉસથી ત્રિવેણી સંગમના બંધારા સુધીનો બનાવવામાં આવ્યો છે. સોમનાથ આવતા યાત્રિકો વોક-વે પરથી એક તરફ સોમનાથ મહાદેવનું મંદિર અને બીજી તરફ ઘૂઘવતા સમુદ્રનો નજારો માણી શકે એ માટે દૂરબીન પણ મુકાયેલું છે. વોક-વે પર પ્રવાસી ભારતની સંસ્કૃતિને લગતાં ચિત્રો નિહાળી શકશે, અહીં ગેલરીમાં રામાયણના જુદા-જુદા પ્રસંગોને તાદશ્ય કરતાં ચિત્રો મૂકવામાં આવ્યાં છે. મુંબઈના મરિન ડ્રાઈવનો અહેસાસ કરાવતા આ વોક-વેમાં બાળકોના મનોરંજન માટે સ્ટ્રીટ ગેમ્સ પણ મૂકવામાં આવી છે. અહીં સાયક્લિંગ તેમજ બેસવા માટેની વ્યવસ્થા પણ છે.

### અહિલ્યાબાઈ મંદિર

સાડાત્રણ કરોડના ખર્ચે જૂના સોમનાથ મંદિર પરિસરનો વિકાસ કરી સુવિધા ઊભી કરવામાં આવી છે. આ મંદિરને અહિલ્યાબાઈ મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે, કેમ કે એને ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈ દ્વારા બનાવાયું હતું. યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધા માટે જૂના મંદિરના પરિસરનો સમગ્ર રીતે પુન:વિકાસ કરવામાં આવ્યો છે. એમાં મંદિરમાં યાત્રિકો સરળતાથી પ્રવેશ કરી બહાર નીકળી શકે એ માટે વિશાળ ખુલ્લું પરિસર અને પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યાં છે. પરિસરમાં જ ૧૬ દુકાન બનાવવામાં આવી છે. આ મંદિર ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈ દ્વારા બનાવાયું હોવાથી તેમની પ્રતિમા પણ મૂકવામાં આવી છે.

### માતા પાર્વતી મંદિર

દેવાધિદેવ ભગવાન સોમનાથ મહાદેવ મંદિરના સંકુલમાં આદ્યશક્તિ જગદંબામાં પાર્વતીજીના નૂતન મંદિરના નિર્માણનો પ્રારંભ થવાનો છે. હાલ પાર્વતીજીનું મંદિર બનાવવા માટે પાયા ખોદવાનું કાર્ય ચાલી રહ્યું છે. દેશભરમાં જ્યાં મોટાં શિવ મંદિરો છે એની બાજુમાં મા પાર્વતીનું મંદિર હોય છે અને ગંગાજી, ગણપતિજી, હનુમાનજી અને ભગવાન શિવ સહિત શિવ પંચાયતનાં મંદિરો સાથે જ હોય છે, જે પરંપરા જાળવવા માટે સોમનાથમાં મા પાર્વતીજીના મંદિરનું નિર્માણ કરવાનું નક્કી કરાયું છે. સોમનાથ તીર્થમાં શિવ અને શક્તિના સમન્વય સમું નિર્માણ થનારું પાર્વતી મંદિર ૭૧ ફૂટની ઊંચાઇ ધરાવતું હશે. મંદિર અંબાજી પંથકના શ્વેત (સફેદ) આરસપહાણ પથ્થરોનું બનશે. સંપૂર્ણ મંદિર બેથી ત્રણ વર્ષમાં બની જશે.



### સોમનાથ એક્ઝિબિશન કેન્દ્ર

સોમનાથ મંદિર સાંનિધ્યે ટુરિસ્ટ ફેસિલિટી કેન્દ્રના બિલ્ડિંગમાં તૈયાર કરાયેલા સોમનાથ એક્ઝિબિશન કેન્દ્ર (મ્યુઝિયમ)માં ભવ્ય ભૂતકાળ ધરાવતા સોમનાથ મંદિરના જૂના ખંડિત અવશેષો, પથ્થરો અને ભૂતકાળના સોમનાથ મંદિરની નાગર શૈલીની મંદિરની વાસ્તુકલાવાળી પ્રતિમાઓને પ્રદર્શિત કરવા માટે મૂકવામાં આવી છે. આ ઉપરાંત ભૂતકાળના સોમનાથ મંદિર ઉપર ઘટેલી ઐતિહાસિક ઘટનાઓની પ્રતીતિ કરાવતું સાહિત્ય, ફોટોગ્રાફ્સ પણ પ્રદર્શિત કરવા માટે મૂકવામાં આવ્યાં છે. આ મ્યુઝિયમ વર્તમાન અને ભાવિ પેઢીને પ્રથમ આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના ભવ્ય ભૂતકાળથી અવગત કરાવશે.

(Source : www.divyabhaskar.co.in)



# શ્રાવણના ઉત્સવો



શ્રાવણ માસ એટલે તહેવારોની વણઝારનો મહિનો. ભગવાન શિવને સમર્પિત આ મહિનો કેટકેટલા તહેવારો લઈને આવે છે - રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, પારણા, ઉપરાંત આખા શ્રાવણ માસ દરમિયાન ચાર સોમવાર, એક પ્રદોષ તેમજ એક શિવરાત્રી, આ બધા યોગ એકસાથે શ્રાવણ મહિનામાં ભેગા થાય છે. સ્વતંત્રતા દિવસ પણ આ મહિનામાં જ આવે છે. શ્રાવણના દરેક દિવસનું વિશેષ મહત્વ છે. આ મહિનો વ્રત-ઉપવાસનો મહિનો છે. જીવંતિકા વ્રત અને દશામા વ્રત પણ આ મહિનામાં કરવાના હોય છે. શિવની ઉપાસના માટે આ સર્વશ્રેષ્ઠ મહિનો છે.



શ્રાવણ માસના વદ પક્ષની ચોથ બોળચોથ તરીકે ઓળખાય છે, જેને ઘણા લોકો બહુલા ચોથ તરીકે પણ ઉજવતા હોય છે. મહિલાઓ આ દિવસે વ્રત કરે છે. આ દિવસે સમારેલું શાક અને ઘઉંની વાનગી ન ખવાય એવી માન્યતા છે. આ દિવસે વ્રત કરનાર મહિલા સવારે નિત્યકામમાંથી પરવારી કંકુ, ચોખા તથા ફૂલના હારથી ગાય-વાછરડાનું પૂજન કરે છે અને એક ટાણું જમીને ઉપવાસ કરે છે. બોળચોથના વ્રતના દિવસે સ્ત્રીઓએ દળવું કે ખાંડવું નહીં એવી પણ માન્યતા છે.



બોળચોથ પછી નાગપંચમી આવે છે. આ દિવસે નાગની પૂજા કરવામાં આવે છે. આ દિવસે નાગ દર્શનનું પણ વિશેષ મહત્વ હોય છે. આ દિવસે સાપને મારવાની મનાઈ છે. આખા શ્રાવણ મહિનામાં અને ખાસ કરીને નાગપંચમીના દિવસે ધરતીને ખોદવાની મનાઈ છે. આ દિવસે પૂજામાં સફેદ ફૂલ મૂકવામાં આવે છે. બહેનો ઘરમાં પાણિયારે નાગની આકૃતિ બનાવી, તેને રૂના નાગલાનો હાર પહેરાવે છે અને કુલેરનો પ્રસાદ ધરાવે છે.

રાંધણ છઠના દિવસે ગૃહિણીઓ વહેલી સવારથી રસોડામાં વ્યસ્ત બની જાય છે અને નવી-નવી ભાતભાતની વાનગીઓ બનાવે છે, જેવી કે થેપલા, બાજરાના વડા, પૂરી, લાડવા, ગાંઠિયા, ચેવડો, મેથીના ઢેબરા, મીઠી પૂરી, તીખી પૂરી, પાત્રા, ભરેલા ભીંડા, તળેલા મરચાં, કંકોડાનું શાક, તીખી સેવ, ખીર અને મિષ્ઠાન. આધુનિક સમયમાં પાણીપુરી, ભેળપુરી, વેજ સેન્ડવિચ, ફ્રૂટ સલાડ, દહીંવડા વગેરે વાનગીઓ બનાવાય છે. આ બધી વાનગીઓ બનાવ્યા પછી રાંધણ છઠની રાત્રે ઘરના ચૂલાની સાફસફાઈ કરાય છે. સફાઈ કર્યા પછી ચૂલાને ઠારવામાં આવે છે. રાંધણ ગેસ કે ચૂલાની પૂજા થાય છે. ચૂલો ઠંડા કર્યા પછી તેનો ઉપયોગ કરવામાં નથી આવતો. લોકવાયકા મુજબ શીતળા માતાજી ઘરે ઘરે ફરે છે અને ચૂલામાં આળોટે છે.



શીતળા સાતમના ઘરના બધા લોકો ઠંડી રસોઈ આરોગી ટાઢી સાતમ કરે છે. પહેલાના વખતમાં જ્યારે બાળક કે મોટેરાને આખા શરીરે ઓરી, અછબડા કે શીતળાના ફોડલા થાય ત્યારે શીતળા માતાની બાધા રાખી ઠંડુ ખાવાની માનતા રાખવામાં આવતી. શીતળા સાતમે સાત ઘર માગણ થઈ પાડોશમાંથી માંગીને ખાતા અને શીતળા માતાના મંદિરે જઈ માનતા પુરી કરતા. આજે પણ શીતળા માતાના મંદિરે લોકો દર્શન કરવા શીતળા સાતમે જાય છે.

શ્રાવણ વદ આઠમ એટલે જન્માષ્ટમી. ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ દિવસ હોઈ આ દિવસે મંદિરોમાં ભગવાનનો જન્મોત્સવ ઉજવાય છે. મંદિરોમાં નાનકડા પારણામાં ભગવાનને હિંચકા નાખી આનંદ મેળવનાર શ્રદ્ધાળુઓ જાગરણ કરે છે. દ્વારિકા અને ડાકોર જેવા મોટા મંદિરોમાં ઉજવાતા કૃષ્ણ જન્મોત્સવનો લાઈવ પ્રોગ્રામ ટી.વી. ઉપર દર્શાવવામાં આવે છે. રાત્રે ૧૨ વાગ્યે મંદિરોમાં ઢોલ-તાશ, નગારા સાથે કૃષ્ણ જન્મની આરતી કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને ભાવભેર વધાવવા મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. કેટલાક ભક્તો રાત્રે કૃષ્ણ જન્મ પછી ભોજન કરી ઉપવાસનાં પારણાં કરે છે તો કોઈ બીજે દિવસે પારણાં કરે છે. જન્માષ્ટમીના બીજા દિવસે વિવિધ મંડળ-સંસ્થાઓ દ્વારા મટકીફોડ, શોભાયાત્રા, વેશભૂષા, રાસલીલા સહિતના કાર્યક્રમનું આયોજન કરાય છે. ધાનેરા આસપાસના પ્રદેશમાં 'કાનુડો પાછો વાળવો' ઉજવાય છે. જે દરમિયાન જન્માષ્ટમીની રાત્રે માટીમાંથી કાનુડાનું સર્જન કરાય છે. નોમના દિવસે કાનુડાને ગામની દિકરીઓ પ્રસાદી ચડાવે છે અને પછી કાનુડાને તેડીને ગામના પાદરે લાવે છે અને ગામના પાદરે કાનુડાને પાટ પર બેસાડવામાં આવે છે. અને પછી દિકરીઓ ગોળાકાર ફરીને ઢોલના તાલે કાનુડાને સ્પર્શતા લોકગીત (ધોળ) ગાય છે. પછી ગામનો એક પરિવાર કાનુડા સહિત બધી દિકરીઓને પોતાના ઘેર લઈ જાય છે, બધી દિકરીઓને પ્રેમથી ભોજન પિરસવામાં આવે છે. રાત્રે કાનુડો ત્યાં વિરામ કરે છે. પછી ત્રીજા દિવસે એટલે કે દશમના દિવસે ફરી દિકરીઓ કાનુડાને વિદાય આપવા આવે છે.



સાતમ આઠમનો તહેવાર એટલે સૌરાષ્ટ્રની પ્રજાનું મીની વેકેશન. આમ તો સૌરાષ્ટ્રના લોકો એક પછી એક એમ બધા તહેવાર હર્ષ-ઉલ્લાસથી ઉજવતા હોય છે પણ દિવાળી અને સાતમ-આઠમનો તહેવાર આવે એટલે જાણે એક અલગ જ ઉત્સાહ જોવા મળે. રાજકોટમાં લોકમેળામાં તો જાણે માનવનું ઘોડાપુર જોવા મળે છે. દૂર દૂરના ગામડામાંથી ગ્રામ્યજનો આ લોકમેળાનો આનંદ લેવા આવે છે. શ્રાવણ માસમાં છેલ્લા સોમવારે ઘણા ગામડાં અને શહેરોમાં નાના મોટા મેળાઓ ભરાય છે. સાબરકાંઠાના ભવનાથ અને વિરેશ્વર, શામળાજી જેવા તીર્થધામોમાં મેળાઓ ભરાય છે.



(Sources : www.suvichardhara.com, www.divyabhaskar.co.in, https://gujarati.webdunia.com)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



# સુરકોટડા
## સિંધુ સંસ્કૃતિનું સ્થળ


તાજેતરમાં જ યુનેસ્કો દ્વારા કચ્છના ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરાઇ. આવી જ એક બીજી સિંધુ સંસ્કૃતિની વસાહત સુરકોટડા પણ કચ્છમાં જ આવેલી છે. સિંધુ ખીણની સંસ્કૃતિના સમયનું આ પુરાતાત્વીક સ્થળ એક કિલ્લેબંધ નાના નગરના અવશેષો ધરાવે છે જેનો વ્યાપ ૧.૪ હેક્ટર (૩.૫ એકર) છે. આ સ્થળ ઇ.સ. પૂર્વે ૨૦૦૦નું એટલે કે લગભગ ૪૦૦૦ વર્ષ પહેલાનું છે.

આ સ્થળ કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજથી ઈશાન દિશામાં ૧૬૦ કિમી અને રાપરથી ૫૦ કિમી દૂર આવેલું છે. અહીં રેતાળ ખડકોની ઊંચીનીચી ભૂમિ વચ્ચે એક પ્રાચીન ટેકરો કે ટીંબો આવેલો છે. રાતા લેટેરાઈટની માટી ધરાવતી જમીન આખા પ્રદેશને લાલ-ભૂખરો રંગ આપે છે. અહીં જૂજ વનસ્પતિ ઊગે છે જેમાં થોર, પિલૂ, બાવળ અને કાંટાળી વનસ્પતિઓનો સમાવેશ થાય છે. આ ટેકરાની શોધ ઈ.સ. ૧૯૬૪માં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના શ્રી જે. પી. જોષીએ કરી હતી. આ ટેકરો કે ટીંબો પશ્ચિમ તરફ વધુ ઊંચો છે અને પૂર્વ તરફ નીચો છે. તેની સરેરાશ ઊંચાઇ ૫ થી ૮ મીટર (૧૬ થી ૨૬ ફૂટ) છે. પ્રાચીન સમયમાં ૭૫૦ મીટર પહોળી નદી આ સ્થળની ઈશાન દિશામાંથી વહેતી હતી જે કચ્છના નાના રણને જઈ મળતી હતી. એ નદીના કારણે જ અહીં નગર વસાવવામાં આવ્યું હોવું જોઈએ. અત્યારે તો એ નદીની જગ્યાએ એક નાનું નાળું વહે છે.

### ઘોડાના અવશેષ

સુરકોટડા વસાહત આમ તો ભારતીય ઉપખંડમાં વર્ષોથી મળી આવતી બીજી વસાહતો જેવી જ છે પણ એક શોધ આ વસાહતને અનન્ય અને વિશેષ બનાવે છે, અને એ છે અહીંથી મળી આવેલા પાળેલા પ્રાણીના હાડકાં જે સિંધુ-ઘગ્ગર બેસિનમાં અત્યાર સુધીમાં કરવામાં આવેલા કોઈપણ ખોદકામમાં ક્યાંય મળ્યા નથી. સુરકોટડામાં ઈ.સ. પૂ. ૨૦૦૦ના સમયના ઘોડાના અવશેષો મળે છે જે સિંધુ ખીણ સંસ્કૃતિ સંબંધિત એક નોંધપાત્ર શોધ છે. ઈ.સ. ૧૯૯૭માં સૅન્ડોર બોકોન્યીએ કરેલા પરીક્ષણમાં જણાવ્યું છે કે મળેલા અવશેષોમાં ઓછામાં ઓછા છ અવશેષો સાચા ઘોડાઓના છે. ઈ.સ. ૧૯૭૪ દરમ્યાન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાએ જે. પી. જોશીના અને એ. કે. શર્માના નેતૃત્વ હેઠળ અહીં ખોદકામ હાથ ધર્યું અને તેમના અહેવાલ અનુસાર જમીનના દરેક સ્તરોએ ઘોડાના હાડકાંના અવશેષો મળી આવ્યા છે જે ઈ.સ. પૂ. ૨૧૦૦ થી ૧૭૦૦ના ગાળાના છે, જેનાથી સાબિત કરી શકાય છે કે તે સમયગાળામાં પણ ઘોડા પાળવામાં આવતા હતા. આ સાઈટના વિવિધ પેટા સમયગાળાની ત્રણેય શ્રેણીઓમાંથી મોટી સંખ્યામાં પ્રાણીઓના હાડકાં મળ્યા છે જેમાં પાલતુ પશુઓ ઉપરાંત હોગ, ઉંદર વગેરે જેવા વસાહતની આસપાસ રહેતા પ્રાણીઓ અને શિકાર કરાતા હરણનો સામેલ છે. તમામ પ્રાણીઓના અવશેષોમાંથી ઘોડાના અવશેષો લગભગ ૧%, ૪૦% જેટલા પશુઓ, ૯% ઘેટાં-બકરા, ૬% ઉંદરો, હરણ ૨.૪%, કૂતરા ૪% અને ડુક્કર ૩% જોવા મળે છે. સુરકોટડામાં મોહેં-જો-ડરો, હડપ્પા અને રંગપુર જેવા ક્ષેત્રોની જેમ નોળિયાના અસ્તિત્વના અવશેષો મળ્યા છે, જે દર્શાવે છે કે સાપથી રક્ષણ માટે તેમને પાળવામાં આવતાં. હાથી અને વરુના હાડકાં અહીં પણ મળી આવ્યા છે.






## ઘટનાક્રમ

સુરકોટડામાં વસાહતનો સમય અન્ય હડપ્પન કે સિંધુ નદીની ખીણ સંસ્કૃતિના સમાન નથી પણ તે લોથલ અને કાલીબંગાના વસવાટ કાળ સાથે સમાનાંતર છે. આનો અર્થ એ થયો કે હડપ્પા સંસ્કૃતિના શરૂઆતના તબક્કામાં નહીં પણ તેના અંતિમ ચરણમાં આ વસાહત સ્થપાઈ હતી. સુરકોટડામાં લગલગાટ લગભગ ૪૦૦ વર્ષ સુધી વસવાટ રહ્યો હતો. સુરકોટડાના વસવાટી કાળને પુરાતત્વવિદોએ સાંસ્કૃતિક દ્રષ્ટિએ ત્રણ તબક્કામાં વિભાજીત કર્યો છે. તેમની બાંધકામ પ્રવૃત્તિઓને આધારે નીચેના ત્રણ તબક્કાઓમાં વર્ગીકરણ કરવામાં આવેલું છેઃ

### સમય ૧અ (ઇ. સ. પૂર્વે ૨૦૧૧ - ઇ. સ. પૂર્વે ૧૯૫૦)

સુરકોટડાના સૌથી પહેલા વસાહતીઓ પૂર્વ હડપ્પન સંસ્કૃતિ સાથે જોડાયેલા હતા. તેમણે દાબીને સખત કરેલી પીળી માટીના ઊંચા ઓટલા પર ગારામાંથી બનાવેલી ઈંટો વાપરી કોટ બનાવ્યો હતો. આ કોટને પાંચથી આઠ થર ધરાવતા ગારાથી લીંપેલી હતી. ઓટલાની સરેરાશ ઊંચાઈ ૧.૫ મીટર (૧૧ ફૂટ) અને પાયા આગળ સરેરાશ પહોળાઈ ૭ મીટર (૨૩ ફૂટ) હતી.

અહીં વપરાયેલી ઈંટોનું પ્રમાણ ૧:૨:૪ હતું. જે વિકસિત હડપ્પન સંસ્કૃતિના ધોરણ અનુસાર હતું. આ દિવાલની ઊંચાઈ ૪.૫ મીટર (૧૫ ફૂટ) છે. રહેણાકની ઈમારતો પણ ૩.૫ મીટર (૧૧ ફૂટ) જાડાઈની દીવાલથી કિલ્લેબંધ કરવામાં આવી હતી. રહેણાક ક્ષેત્ર સુધી પહોંચવા ગઢને દક્ષિણ અને પૂર્વ દિશામાં એમ બે દરવાજા હતા. રહેણાક ક્ષેત્રમાં નીક કે ખાળ, દરેક ઘરમાં થોડી ઊંચાઈ ધરાવતી મોરી અને નીતાર બરણી વગેરે ગંદાપાણીના નીકાલની હડપ્પન વ્યવસ્થાનો પુરાવો આપે છે.

### સમય ૧બ (ઇ. સ. પૂર્વે ૧૯૫૦ - ઇ. સ. પૂર્વે ૧૮૦૦)


સમય ખંડ ૧અ અને ૧બ વચ્ચે વસવાટમાં કોઈ અંતરાલ નથી પણ નવા આવેલા વસાહતીઓ અને તેમના દ્વારા લાવવામાં આવેલા નવા સાધનો અને નવા માટીના વાસણોને કારણે આ ખંડને વિભાજીત કરવામાં આવ્યો છે. તેમણે કિલ્લાનું માળખું તે જ રાખ્યું પણ કિલ્લાની અંદરની બાજુએ તેમણે ઈંટના બાંધકામની એક સપાટી ઉમેરી કિલ્લેબંધી મજબૂત કરી. આવું કરવાથી કિલ્લાની અંદરના વિસ્તારમાં ઘટાડો થયો, છતાં આવું કરવાનો નિર્ણય કેમ લેવાયો તે સ્પષ્ટ નથી. સમયખંડ ૧બ ના અંતમાં રાખનો જાડો થર દેખાય છે તે કોઈ મહા દાવાનળ દર્શાવે છે. આ સમયખંડને અંતે એક વિનાશક આગ સમગ્ર વસાહતમાં ફેલાઈ ગઈ હતી. જો કે ત્યાર પછી પણ વસાહત ઉપયોગમાં લેવાતી રહી.


### સમય ૧ક (ઇ. સ. પૂર્વે ૧૮૦૦ - ઇ. સ. પૂર્વે ૧૭૦૦)

સમયખંડ ૧બ પછી નવા લોકો સુરકોટડા રહેવા આવ્યા, જોકે આ બે ગાળા વચ્ચે પણ વસવાટમાં કોઈ અંતરાલ જોવા મળતો નથી. નવા વસાહતીઓએ તેમના પૂરોગામીએ નિર્ધારિત કરેલ પદ્ધતિ અને માપ અનુસાર કાપેલા પથ્થરો અને ગારો વાપરી બાંધકામ કરી કોટ અને રહેણાક વિસ્તાર બાંધ્યા.

## શહેર આયોજન અને સ્થાપત્ય અવશેષો

સુરકોટડાના સમયખંડ ૧ક ના કાળનું બાંધકામ મુખ્ય દિશાઓને સમાંતર એવા લંબચોરસ આકારમાં છે. તેની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૧૨૦ મીટર (૩૯૦ ફૂટ) અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ લગભગ ૬૦ મીટર (૨૦૦ ફૂટ) છે. તેના નાના કદ છતાં, પુરાતત્ત્વવિદો સુરકોટડાને ખૂબ જ મહત્વપૂર્ણ માને છે. તેનું નગર-આયોજન તેમના સ્થાપત્યવિદો દ્વારા લોથલ અને કાલીબગા જેટલી ચોકસાઈથી કરવામાં આવ્યું છે. અહીંના દરવાજા ખુબ ધ્યાનપૂર્વક બાંધવામાં આવ્યા છે જે અમુક વાતે હડપ્પાના દરવાજાથી જુદા પડે છે. ઘણાં ઇતિહાસકારો માને છે કે હડપ્પા અને સિંધ ક્ષેત્રના લોકોનું પૂર્વ તરફ








સ્થળાંતર અટકાવવા માટે સુરકોટડા વ્યુહાત્મક મહત્ત્વ ધરાવતું હતું. સુરકોટડામાં સામંતી પદ્ધતિ મુજબ વહીવટ ચાલતો. બીજા શબ્દોમાં કહીએ તો સુરકોટડા કોઈ રજવાડાની રાજધાની કે છાવણીનું શહેર હોઈ શકે છે.

સુરકોટડાનો નકશો બે ચોરસ ક્ષેત્રો ધરાવે છે. પૂર્વ તરફનું ક્ષેત્ર રહેણાક છે જેનું માપ ૬૦ મીટર x ૫૫ મીટર છે. જ્યારે પશ્ચિમે ગઢ આવેલો છે જે ૬૦ મીટર x ૬૦ મીટરનો છે. ગઢનો વિસ્તાર ઊંચાઈ પર છે. ગઢની દીવાલો પાયા આગળ ૩.૫-૪ મીટર જાડી છે અને દક્ષિણમાં ૧૦x૧૦ મીટરના બે બુરજો આવેલાં છે. આવા જ બુરજો ઉત્તરમાં હોવાની અપેક્ષા છે પણ તે હજી ખોદી કઢાયા નથી.

ગઢની દક્ષિણ દીવાલની મધ્યમાં બહાર તરફ ખુલતો દરવાજો છે. તે ૧૦ મીટર x ૨૩ મીટરનું માપ ધરાવે છે. તેની સાથે પહેરેદારના બે ઓરડા તરફ જતા દાદરા અને ઢાળ છે. અહીં પ્રવેશ સુધી જવા ૧.૭ મીટરનો ગલિયારો છે. રહેણાક ક્ષેત્રમાં ઘણાં મોટા ઘરો છે તેમાંના અમુક તો ૯ ખંડ ધરાવે છે. ગઢની પૂર્વ દીવાલમાં પણ એક પ્રવેશદ્વાર છે જે ૧.૭ મીટર પહોળો છે. અહીંથી રહેણાક ક્ષેત્રમાં પ્રવેશી શકાય છે.

રહેણાક વિસ્તારમાં આવેલ ઘરો ગઢના ઘરો કરતાં નાના કદના છે. અહીં પાંચ ઓરડાવાળું એક ઘર છે, જે ત્રણ બાજુથી બંધ આંગણું અને શેરી તરફની બાજુએ ઓટલો ધરાવે છે. આ ઓટલો દુકાન તરીકે કે ધંધાર્થે વપરાતો હશે. રહેણાક વિસ્તારની દક્ષિણ તરફની કિલ્લાની દિવાલ એક દરવાજો ધરાવે છે જે સ્થાપત્યની દૃષ્ટિએ થોડી જુદી રચના ધરાવે છે. અન્ય હડપ્પન દરવાજાની સરખામણીમાં તે આડોઅવળો કે વાંકોચૂકો પ્રવેશ નહીં ધરાવતા સીધો પ્રવેશ ધરાવે છે. જાડી દીવાલમાં ગોઠવાયેલા આ દરવાજાની બહારની તરફ બે દરવાન ચોકીઓ છે. રહેણાક વિસ્તારના કિલ્લાની દીવાલ સરેરાશ ૩.૪ મીટર (૧૧ ફૂટ) જાડાઈ ધરાવે છે અને તેના ખૂણે બુરજો આવેલા છે જેની ઊંચાઈ ગઢના બુરજો કરતાં ઓછી છે.

આ તમામ લાક્ષણિકતાઓ ઇસ. પૂર્વે ૧૭૦૦ સુધીના વિકસિત હડપ્પન સંસ્કૃતિના લક્ષણો દર્શાવે છે જે કાલક્રમિક રીતે ખૂબ નોંધપાત્ર છે. હડપ્પન સંસ્કૃતિ જ્યારે તેના અંતિમ ચરણોમાં હતી અને તેના મોટા ભાગના સ્થળો નાશ પામ્યાં હતાં ત્યારે હડપ્પન સંસ્કૃતિના નિયમોને સુરકકોટડામાં અનુસરવામાં આવ્યા હતાં.

આજ સુધીના સંશોધન પ્રમાણે, ગઢની આસપાસ મોહેં-જો-ડરો અને કાલીબંગા જેવા મોટા શહેરના કદની વસાહતના કોઈ પુરાવા મળ્યા નથી. ગઢથી ૫૦૦ મીટર દૂર વાયવ્યમાં એક ટીંબો છે તેમાં અમુક વસાહત હોવાની સંભાવનાના છે ત્યાં હડપ્પન અવશેષો મળ્યા નથી. પુરાતત્વવિદોને અહીં મોટા શહેરના અસ્તિત્વની શક્યતા નહિવત્ લાગે છે પરંતુ તેને નકારી પણ શકાય તેમ નથી.

(Sources & Photo Courtesy : http://bharatkalyan97.blogspot.com, www.gujarattourism.com, www.shunya.net)

